શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર



# પરજિયા સોની સંદેશ

સર્વોનું... સુવર્ણ ગૌરવ

સંવત ૨૦૭૭ ફાગણ સુદ

Email : sonisandesh1@gmail.com

વર્ષ : ૩૨ • અંક : ૩ • પાના : ૨૮   તંત્રી : નિલેશ હિંમતલાલ ધકાણ   માર્ચ ૨૦૨૧   મૂલ્ય : રૂા. ૧૨/-



॥ જય શ્રી રાંદલ મા ॥

## સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા અને તેમના ધર્મપત્ની સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા (નાંદુરી)ના પુણ્ય સ્મરણાર્થે



સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા



સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા

**'સોની સંદેશ' નિભાવ ફંડના મુખ્ય દાતા**





સ્વ. ગોરધનદાસ ઓધવજીભાઈ વાચા



સ્વ. મગનભાઈ ઓધવજીભાઈ વાચા


OM ALANKAR™
JEWELLERS
Wedding collection 2021
Everything Auspicious
Emotions crafted
into priceless jewellery
Kundan & Polki
jewellery spotlight
Shop No. 11 Aura Biplex Ramnagar Lane
Opp Leela Petroleum Borivali West
omalankarjewellers999@gmail.com
@omalankarjewellers
2866 3333/4444
+91 9136122916

# ડી. કે. એસી હૉલ (સોનીવાડી)

એસી હૉલ - ૩૫૦-૪૫૦ મહેમાનો માટે*

શુધ્ધ શાકાહારી* ઓપન કેટરર્સ*







# SONI BANQUET HALL



ડિલક્સ AC રૂમો



ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ દ્વારા
પેમેન્ટ સ્વીકારવામાં આવશે.

- કોવીડ-૧૯ ના નિયમોને આધીન
  અધ્યતન સુવિધાઓ સાથે આપની સેવામાં ઉપલબ્ધ
- બોરીવલી સ્ટેશનથી વોકીંગ ડીસ્ટન્સ
- ૬૦ વર્ષથી લગ્ન પ્રસંગો માટે વિશ્વાસપાત્ર
- ડેકોરેશનની અધ્યતન રેન્જ

(* શરતો લાગુ)

'સોનીવાડી'
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૯૨.
ફોન : 2898 3905 / 2899 9097
મો.: +91-93244 35547
Email : sonisandesh1@gmail.com

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

'સોનીવાડી'ના રીપેરીંગ બાંધકામ માં

**શ્રી હેમંતભાઈ જગદીશભાઈ આશર** તરફથી

**રૂા. ૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા)** નું

દાન આવેલ છે, તે બદલ સર્વે ટ્રસ્ટી મંડળ

આપનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.





## સોનીવાડીના રીપેરીંગ કામકાજની તસ્વીરો



શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

**પરજિયા**
**સોની સંદેશ**

તંત્રી :
**નિલેશ હિંમતલાલ ધકાણ**

❖

**પ્રકાશન સ્થળ**
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૪૦૦ ૦૯૨.

❖

**મુખપત્રના માલિક**
**શ્રી મુંબઈ ઉપનગર**
**પરજિયા સહકારી સોસાયટી**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.
ફોન : 022-2898 3905
022-2899 9097
ફોન : +91-93244 35547
Email: sonisandesh1@gmail.com

❖

**મૂલ્ય : રૂા. ૧૨.૦૦**

❖


**મુદ્રણ સ્થાન**
**જીજ્ઞેશ પ્રિન્ટર્સ**
૧, રાધિકા બિલ્ડીંગ, ટી.પી.એસ. રોડ,
વીર સાવરકર ગાર્ડન સામે,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.

**આજીવન લવાજમના દરો :**
**ભારતમાં : રૂા. ૫૦૦/-**
**વિદેશમાં : રૂા. ૩૫૦૦/-**

લવાજમ તેમજ જાહેરાતના ચેક **'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી'** (Shree Mumbai Upnagar Parajiya Sahakari Society) ના નામે મોકલવા.

# આ અંકમાં વાંચશો...

☛ તંત્રીના સથવારે...
☛ વાર્ષિક સામાન્ય સભા (AGM) અહેવાલ
☛ મા નર્મદા ચુંદડી મહોત્સવ
☛ મારૂ ધ્યેય : વિચારોમાં ક્રાંતિ
☛ અપાકર્ષણ
☛ ઓબ્સેસિવ કમ્પલસિવ ડિસઓર્ડર
☛ કાવ્ય વિભાગ
☛ સમાજની માનસિકતા
☛ અપેક્ષાઓને સંતોષી શકાય...
☛ 'મૈં નહી, હમ' - ઉબુન્ટુ
☛ ભેટની યાદી






## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબધ્ધ છીએ.

– કારોબારી કમિટિ

'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી-લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

★ એજ્યુકેશન ફંડ ★

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★

શ્રી બાબુભાઈ શામળાદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ
શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા–દુબઈ)

★ આર્થિક સહાય ★

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

★ કાયમી દાતા ★

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

★ સમૂહ લગ્ન ★

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

★ વિકલાંગ સહાય ફંડ ★

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ

★ નેત્રબિંદુ સહાય ફંડ ★

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

★ મેડીકલ સહાય ફંડ ★

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

★ સોની સંદેશ નિભાવ ફંડ ★

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા

★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

★ આકસ્મીક સહાય ફંડ ★

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર



## *તંત્રીના સથવારે....*

એકવીસમી સદી એટલે બોલ પેન થી પેન ડ્રાઈવ સુધી ની સફર, જે લખાણ બધી આંગળી મળી પેન પકડી કરતી હતી, તે હવે આપણે અલગ અલગ આંગળી ઓ ને સ્વતંત્ર કાર્ય સોંપ્યુ, અને દરેક ના તાલમેલ ઉપર લખાણ શુદ્ધિ આધાર રાખે છે, અને મોબાઈલ મા લખવા તો ફકત બે અંગૂઠા જ કાર્ય કરે. પણ આ બધુ લખાણ જોઈ નિર્ણય લેનાર નજર હજુ તે જ છે.

''જાજા હાથ રળિયામણા'' આ કહેવત નો અર્થ પહેલા એમ થતો કે કુટુંબ મોટુ હોય, તો તેના ધંધા ની શાખ મોટી હોય, અને તેઓ મા સંપ હોય માટે તે પરિવાર મા દુઃખ ન પ્રવેશે, હવે આ સંદર્ભ ને અલગ રીતે જોવાય છે કે મોટો પરિવાર એકજ ધંધા મા હોય તો નાણાકીય સંકડામણ આવે, માટે સમય રહેતા એક કરતા વધુ ધંધાકીય નોકરી સાહસમા પરિવારના સભ્યો જોડાય તો વૈવિધ્યસભર આવક પરિવાર ને સદ્ધર રાખે.

આપણો સમાજ પણ આજ રીતે ચાલે તો ? વિવિધતા સભર દરેક સમાજ ઉપયોગી યોજનાઓ ને આપણે પ્રાધાન્ય આપવુ જોઈએ, જેમા શિક્ષણ એ ખુબ મહત્વ નુ પરિબળ છે, આપણા સમાજમા શિક્ષણ સહાય ના લાંબાગાળાના કાર્યક્રમો ની આવશ્યકતા છે, અને શિક્ષણ પ્રત્યેનો અતિશયોક્તિ વાળો અભિગમ જરૂરી છે. આર્થિક મદદ એટલે ખોરાક ની જરૂરિયાત પુરી કરવી એવુ કદી ન સમજવુ. આર્થિક મદદ ત્યારે જ સાર્થક થાય કે મદદ લેનાર ભવિષ્ય મા લીધેલી મદદ થી સદ્ધર બને અને આગળ કોઈ જરૂરિયાતમંદ વ્યકિત ને મદદ કરે. આજે જ્યારે આર્થિક સુખાકારી જોઇ ને વ્યવહારો થઇ રહ્યા છે, ત્યારે આપણા સમાજે અન્ય સમાજ ની પ્રગતિ તરફ પણ દયાન દેવુ જોઈએ, અને સમય સમય પર અન્ય સમાજ ની પ્રગતિ નુ મૂલ્યાંકન કરી આપણા પ્રગતિશીલ વલણ ને બળ આપતુ રહેવુ જોઈએ.

પૈસાથી બધું જ નથી ખરીદી શકાતું. નોર્વેના એક કવિએ લખ્યું :

'પૈસાથી તમે ખોરાક ખરીદી શકો પણ ભૂખ નહિ; દવાઓ પણ તંદુરસ્તી નહિ; આરામદાયક ગાદલું પણ ઊંઘ નહિ, પુસ્તક પણ જ્ઞાન નહિ, ઘરેણાં પણ સુંદરતા નહિ; મનોરંજન પણ આનંદ નહિ, મિત્ર પણ મિત્રતા નહિ, સેવકો પણ વફાદારી નહિ.' - આર્ને ગાર્બોગ.

પૈસા વિશે યોગ્ય વલણ ન હોય તો, લોકો બીજાઓ માટે ખોટી ધારણાઓ બાંધી શકે. દાખલા તરીકે, અમીર વ્યક્તિ કદાચ વિચારે કે ગરીબ લોકો આળસુ હોવાથી પોતાની પરિસ્થિતિ સુધારી શકતા નથી. જ્યારે કે, ગરીબ વ્યક્તિ કદાચ વિચારશે, પૈસાદાર લોકો વધારે વસ્તુઓ મેળવવા પાછળ મંડ્યા રહે છે અથવા લોભી છે.




સમરસ સમાજ ની રચના માટે શિક્ષણ એ મહત્વ નુ પરિબળ છે.

ખુમારીની સાચી વ્યાખ્યા જ સમતોલ સમાજ રચના છે.

– નિલેશ હિંમતલાલ ધકાણ

# વાર્ષિક સામાન્ય સભા (AGM) અહેવાલ



શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૪-૦૩-૨૦૨૧ના ડી. કે. હોલ, સોનીવાડી ખાતે સંપન્ન થયો.

સહુ પ્રથમ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું, ત્યારબાદ ગત વર્ષમાં સમાજ અગ્રણી પૂર્વ સભ્યો, જેમનું અવસાન થયું હોય તેમને બે મિનિટ મૌન રૂપી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.



આ સામાન્ય સભામાં ઉપપ્રમુખ સહિત સમિતિના સદસ્યએ હાજર રહી વાર્ષિક હિસાબો ને સર્વાનુમતે પસાર કર્યા હતા તે સાથે અન્ય બાબતોની ચર્ચા હાજર સભ્યો સાથે કરી હતી. આજીવન સભ્યોએ અમૂક સૂચનો આપ્યા હતા અને હાલની પ્રમુખ અને ઉપપ્રમુખ, સેક્રેટરી સહિત કાર્યરત સભ્યોની સરાહના કરી હતી. શ્રી નિલેશભાઈ કતિરાએ કમિટિની કાર્ય પદ્ધતિને બિરદાવી હતી.

સંસ્થા તરફથી હાલ ચાલી રહેલ વાડી બિલ્ડીંગ રીપેરીંગ વિશે શ્રી ચેતનભાઈ ઝવેરી અને ખજાનચી શ્રી તરૂણભાઈ સોલંકીએ શૈક્ષણિક સહિત યોજનાઓ વિશે માહિતી આપી હતી. ઉપપ્રમુખ શ્રી જમનાદાસભાઈ ધકાણે હાજર રહેલ તમામ સભ્યોને આભાર વ્યક્ત કરી સભાનું સમાપન કર્યું હતું.





## સંસ્થા સમાચાર › મા નર્મદા ચુંદડી મહોત્સવ





શ્રી કૃપાલુ આશ્રમ ઓરી, રાજપીપળા ખાતે મા નર્મદા ચુંદડી મહોત્સવ નુ હર વર્ષ ની માફક મહા વદ સાતમ ના રોજ નર્મદા જયંતિ નિમિતે સફળ આયોજન થયુ. આ દીવસને નર્મદા મૈયા ના પ્રકટ દીવસ તરિકે પણ ઉજવાય છે, અને મા નર્મદાજી ને અર્પણ થતી



ચુંદડી ની લંબાઈ ૪૨૫ મીટર જેટલી હોય છે. જે નર્મદા ના એક તટ થી સામીબાજુ બીજા તટ સુધી હોડી મા બેસી અર્પણ થાય છે. ઉપરાંત આ દિવસે નર્મદા મૈયા ની પ્રથમ પહેર મા દિવડા પ્રગટાવી પૂજા થાય છે અને ભાવિકો સવારે બ્રહ્મ મુહૂર્ત મા નર્મદામા સ્નાન કરે છે.



આ કાર્યક્રમ નિમિતે રાસ ગરબાનુ આયોજન રાખેલ, તથા સવારે યજ્ઞનુ આયોજન રાબેતા મુજબ રાખવામા આવેલ. કાર્યક્રમ મા આસપાસ ના વિસ્તાર ના ભકતો તથા સુરત, અમદાવાદ, રાજકોટ તથા મુંબઈ થી મહેમાનો ઉપસ્થિત રહેલ. આ દિવસે કન્યાપૂજન નુ ખુબ મહત્વ છે, સાંજે કન્યાપૂજનનુ આયોજન કરવામા આવેલ જે નિમિત્તે ૧૫૦ નાની બાલિકા ને આમંત્રિત કરેલ. આ ઉપરાંત ૧૦૦ થી વધુ બાળકો ને પણ ખુશીપૂર્વક આમંત્રિત કરેલ. લગભગ ૫૦૦ થી વધારે ભક્તગણો ના ઉત્સાહથી આ કાર્યક્રમ દૈદિપ્યમાન થયેલ.

કુસુમ મા ના આશીર્વાદ લેવા આસપાસ ના વિસ્તારથી ઉદ્યોગપતિ અને ટ્રસ્ટીગણ હાજર રહેલ.




N. H. Beauty Saloon

Beautician : Rakhee Hitesh Satikuvar

✆ 99309 09411 / 79773 34312

Specialist in Bridal Make-up & Siders

Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.

# મારૂ ધ્યેય : વિચારોમાં ક્રાંતિ

ગયા અંકથી શરૂ કરુ તે પહેલા એક ખૂબ જ મહત્ત્વનો સવાલ નજર સામે આવ્યો છે.

સામાન્ય રીતે ઘણાં મિત્રોના મનમાં સવાલો ઉઠે છે. શું વાચવું? શું ન વાચવું? આપણી ગુજરાતી ભાષામાં કહેવત છે 'કૂવામાં હોય તો હવાડામાં આવે.' ઘણા ગુણો, ઘણી આદતો દીકરા-દીકરીને તેના માતા-પિતા તરફથી વારસામાં મળે છે.

વાંચનની આદત કે ગુણ જે કહો તે તેમાંનો જ એક સુંદર વારસો છે. પહેલાના જમાનામાં મનોરંજન માટે ટી.વી., મોબાઈલ, ઈન્ટરનેટ વગેરેન ન હતું તેથી કરીને પુસ્તકોનું વાંચન વધારે થતું. સીનેમાઘરોમાં બે થી ત્રણ દિવસ પહેલા એડવાન્સ બુકીંગ કરીને સિનેમા જોવા જવાનું હોય તો... અહોહો થઈ જતું ખુશી સમાતી નહી. અડોસપડોસમાં પણ ખબર પડી જતી કે સિનેમા જોવા જવાનું છે. તે જ મનોરંજન હતું, પરંતુ આ હતી વર્ષો પહેલાની વાત, પરંતુ હવે આજના સમયમાં માતા-પિતા ઈચ્છતા હોય કે તેમના બાળક ને વાંચનની આદત પાડવી છે. તો માતા ગર્ભવતી હોય ત્યારથી જ મોબાઈલનો ઉપયોગ બંધ નહી પરંતુ થોડો ઓછો કરી સારા-સારા પુસ્તકોનું વધારે નહી તો થોડું પણ વાંચન કરશો. જરૂરથી તે આદત બાળકમાં આવશે. આજકાલ બાળકોને ૯-૧૦ મહીનાના થાય ત્યારથી જ મોબાઈલની ખબર પડે છે. માતાને કહેતા ખૂબ ગર્વ પણ થાય છે. બાળકને બધી જ ખબર પડે છે આ એક સર્વ સામાન્ય વાત છે. કોઈ એક માતાએ પોતાની ઉપર લેવાથી દૂર રહેવું. નાનું બાળક કાચી માટી સમાન છે. તેનો જે ઘાટ ઘડશો તે ઘડાશે...મોટા થયા પછી આપણે જ કહીએ છીએ, ''પાકે ઘડે કાંઠા ન ચઢે''... હજી મોડું નથી થયું.

બાળકના ઉછેરમાં ઘડતરમાં ત્રણ વસ્તુઓ ભાગ ભજવે છે. માતા-પિતાના સંસ્કારો. તેના પૂર્વ જન્મના સંસ્કારો અને ત્રીજી સંગત સોબત... હવે વાત આવે છે આજ પહેલા વાંચવાની આદત ન હતી, પરંતુ હવે લાગે છે આ સારી આદત પાડવી છે, ત્યારે સવાલ આવે છે. શું વાંચવું?.... શું ન વાંચવું?... મારુ માનવું છે દરેક વ્યક્તિએ દિવસમાં ઓછામાં ઓછો અડધો-એક કલાકનો સમય પોતાની સાથે વિતાવવો જોઈએ. પોતાના અંતરમન સાથે સંપર્કમાં રહીને એકાંતનો ફાયદો હોવો જોઈએ. આપણો અંતરઆત્મા તે જ આપણો અંગત ઈશ્વર છે. આપણા બધા જ સવાલોના જવાબ તેની પાસે છે. હું કોણ છું?... મને શું ગમે છે? મને વધારે આનંદ શેમા મળે છે... મારે શું કરવું? શું ન કરવું? વગેરે વગેરે... વ્યક્તિ પાસે બધા માટે સમય છે પણ પોતાની જાત સાથેના સંપર્ક માટે તેની પાસે સમય નથી. ખુશી શાંતિ આનંદ બહાર ક્યાંય નથી તે આપણી અંદર જ છે. મન શાંત અને ખુશ હશે. તો મીઠું રોટલો પણ મીઠો લાગશે. પણ મન અશાંત ક્રોધથી ભરેલું હશે તો છપ્પનભોગમાં પણ મીઠાસ નહી લાગે. તમારા પોતાના અંતરમન સાથેના સંપર્કમાં રહેશો ત્યારે જ તમારું અર્ધજાગૃત મન તમને સહાય કરશે સાચો માર્ગ દેખાડશે.

તો મિત્રો ખાસ કરીને યુવાપેઢીને... મારો અનુરોધ છે ૨૦૨૧માં નવો સંકલ્પ લઈએ. થોડું થોડું પણ ઉત્તમ વાંચનની શરૂઆત કરીએ. જીવનમાં ખૂબ જ ફાયદાઓ થશે. વિચારધારા બદલાશે. નવી આશા ઉમંગ જાગશે. મારો દાવો છે વાંચનની આદત આપણી વિચારધારા બદલી નાખે છે. ગીતા-રામાયણ-ભાગવત બધા જ ધાર્મિક પુસ્તકો તો વાંચવા માટે હંમેશા આવકાર્ય હોય છે. વાંચનમાં કોઈ જ નિયમ નથી હોતા. જે પુસ્તકોનું વાચન આપણા જડવિચારોને જડમૂળથી ઉખેડી નાખે. અંધશ્રદ્ધા દૂર કરે. મન-મગજમાં બધે જ સૂરજના કિરણોની જેમ જ્ઞાનનો પ્રકાશ ફેલાવે. તે વાંચન ચોક્કસ સારું જ હોય છે. બજારમાં સારું ખરાબ બધુ જ મળતું હોય છે આપણે જે પસંદ કરીએ છે તે જ લઈએ છીએ. એવો કોઈ જ નિયમ નથી કે આજ વાંચવું, આ ન જ વાંચવું. મનોરંજન માટે પુસ્તક વાંચવુ, નોવેલ વાંચવી તેમાં કશું જ ખોટું નથી. મહત્ત્વની વાત એ છે એક વાંચન જે તમને ભડકાવે, અવળે માર્ગે લઈ જાય અને એક વાંચન જે તમારા મનનો અજ્ઞાનતાનો અંધકાર દૂર કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવે. સુંદર જીવન જીવવા માટે માર્ગ દેખાડે સંસાર છોડીને નહી. સંસારમાં રહીને જ સુંદર જીવન કેવી રીતે જીવવું તે બતાવે...

હવે પસંદ તમારી છે શું વાંચવું? .... શું ન વાંચવું?

(વધુ આવતા અંકે...)

**– નીતા જયપ્રકાશ સુરૂ**


Vj

# VISAK
## Jewellery Tools

**Dealers of : Jewellery Tools, Hardware & All Jewellery Casting Material**



**Nayan Prajapati : 9870758080 / 7303340118**

Gala No. B-34, Vaishali Industrial Premises No. 2, Mhatre Wadi, Dahisar (W), Mumbai - 68.

**Office : 9821560338 • E-mail : visakjewellerytools@gmail.com**

# અપાકર્ષણ

## ખરું રોકાણ ક્યાં અને ક્યારે?

માર્ચના મહિનાના અંતમાં બજારમાં આ રોકાણ, સરવૈયું, કર, બજેટ, વગેરે શબ્દો લોકમુખે વસેલા હોય છે. આજની પેઢી નામાની જેટલી ચિંતા કરે છે તેનાથી વધુ નામ કે શાખની ચિંતા કરનારી આખી પેઢી હવે લગભગ નિવૃતિના આરે ઉભી છે. આખા વર્ષના હિસાબ કિતાબ અને કરેલ રોકાણની વિગત કાયદાકીય રીતે જાહેર કરનાર વ્યક્તિએ પોતાના જીવનના અંત ભાગમાં આ જ રીતે પોતાની ખરી મિલકત જાહેર કરવાની હોય છે. પરંતુ એ સમય આવે છે ત્યારે ઘણું બધું પોતાની આંખ સામેથી જ પસાર થઇ ચૂક્યું હોય છે.

માણસનું પ્રથમ રોકાણ એનાં સ્વાસ્થ્ય માટેનું હોવું જોઈએ. કારણ કે સ્વાસ્થ્યને પહેલું સુખ કહેવાયું છે. આજે કરવામાં આવતી કસરત ભવિષ્યમાં સારું સ્વાસ્થ્ય રાખવામાં મદદરૂપ થશે જેથી આપણી આજીવન કરેલી બચત દવાખાને જતી બચશે. બીજું પાસું વિચારીએ તો આપણી આસપાસ રહેલ કે ભવિષ્યમાં આવનાર ભૌતિક સુવિધા કે સુખ સમૃદ્ધિના ઉપભોગ માટે પણ સારું સ્વાસ્થ્ય પ્રાથમિક જરૂરિયાત છે.

રોકાણકાર માટે એવું કહેવાય છે કે બુદ્ધિશાળી વ્યક્તિ પૈસો રોકે છે જયારે ડાહ્યો વ્યક્તિ સમયમાં રોકાણ કરે છે. જો કે અંતે સમયમાં રોકાણ કરેલ વ્યક્તિ વધુ સુખી હોય છે. વિદેશનો એક કિસ્સો અત્રે નોંધવો રહ્યો કે જ્યાં દરેક વ્યક્તિ પોતાના કામના કલાકો પૈકી અમુક કલાકો અન્ય લોકોની સેવામાં ગાળે છે અને જેની નોધ એના સમય દાન કે રોકાણ તરીકે થાય છે. આ રીતે રોકાણ કરનાર વ્યક્તિ પોતે જયારે મુશ્કેલીમાં હોય ત્યારે અથવા વૃદ્ધ હોય બીમાર હોય ત્યારે પોતે જમા કરાવેલ સમયના કલાકોમાંથી ઉપયોગ કરી શકે છે એટલે કે એની સેવા માટે અન્ય વ્યક્તિ હાજર થઇ જાય છે. આમ વર્તુળાકાર રીતે સમગ્ર પ્રક્રિયા ચાલુ રહે. માનવતાનું કેવું ઉત્તમ ઉદાહરણ !

સમય અને કૌશલ્યમાં કરેલ રોકાણ લાંબાગાળે વ્યક્તિને ગાડરિયા પ્રવાહથી અલગ પાડે છે. બીજાને જોઇને ઝડપથી – શોર્ટ કટ લઈને સુખી થવાના સપના સેવતી આપણી પેઢી ધીરતા અને ડાહપણ ખોઈ બેસીને ન કરવાનું કરી નાખે છે. ટૂંકાગાળામાં માત્ર મેગી બને, પરંતુ બત્રીસ પકવાન ખાનારે થોડી ઇન્તેજારી કરવી જ રહી. વળી સહેલાઈથી તો કશું પ્રાપ્ત થતું નથી. જીવન એ કોઈ પરી કથા નથી કે આંખના પલકારામાં બધું બદલાઈ જાય. વ્યક્તિએ સતત પોતાના કૌશલ્યને ધારદાર કરતુ રહેવું પડે છે અને એજ  તો ખરું રોકાણ છે. સખત મહેનત સાથે કૌશલ્ય પ્રત્યેની સભાનતા સફળતાના દ્વાર ખોલી શકે છે.

આવુ જ એક ઉત્તમ રોકાણ પુસ્તકોનું વાંચન કે સંગ્રહિત કરવાનું છે. અથવા વાંચન દ્વારા થતી વૈચારિક વૃદ્ધિ એ પણ રોકાણ જ છે. આપણા ઘરમાં આવેલા પુસ્તકો ગમે ત્યારે પોતાનો પ્રભાવ બતાવે જ. હા, આ લાંબાગાળાનું રોકાણ હોવાથી ઝડપી વળતરની અપેક્ષા વ્યર્થ છે. દાદાએ વસાવેલું પુસ્તક દીકરાને માર્ગદર્શન આપે એવું પણ

બને, રોકાણકારોની ભાષામાં કહીએ તો લાંબા ગાળાનું રોકાણ હમેંશા સારું વળતર આપે છે.

આ ઉપરાંત શિક્ષણમાં થતું રોકાણ માત્ર પરિવારમાં જ નહિ સમગ્ર સમાજનું ઉજ્જવળ ભવિષ્ય નક્કી કરે છે. પરંતુ આપણી કમનસીબી છે કે આજે કાર લોન કરતા શિક્ષણ માટે મળતી લોન ઘણી મોંઘી છે અને સહેલાઈથી પાસ પણ થતી નથી. શિક્ષણમાં થતું રોકાણ એ દાદાએ વાવેલ આંબા જેવું છે. કારણ કે તેના દુરગામી પરિણામ બધાને ખુબ મીઠા લાગે છે. પુસ્તકિયા જ્ઞાન કરતા પ્રજ્ઞાન બનાવતી કેળવણી જ ખરું શિક્ષણ છે એ પણ સમજવું રહ્યું.

વર્ષોથી આપણા ધર્મ શાસ્ત્રોએ આપણને સારા કર્મમાં રોકાણ કરવાનું શીખવ્યું છે. ઘણી એવી વાહિયાત દલીલ પણ થતી હોય છે કે પુનર્જન્મની વાતો કે કર્મનું વળતર એ હવાઈ કિલ્લા જેવી વાત છે. તો એટલું ચોક્કસ કહી શકાય કે સારા કર્મો પછી પ્રાપ્ત થતો સંતોષ જ એનું ખરું વળતર છે. એની લાંબા ગાળાની અસર અંગે આપણે ચિંતા કરવાની જરૂર નથી કારણકે આખી દુનિયાનો હિસાબ રાખનાર પરમેશ્વરની હોશિયારી અંગે શંકા કેમ થઈ શકે?

આપણે આજે જે કઈ છીએ જ્યાં પણ છીએ તે આપણી અગાઉની પેઢીના રોકાણનું પરિણામ છે. આપણા પરિવારની નામના – આબરૂ કે શાખ ક્યાંક ને ક્યાંક અગાઉ થયેલ પ્રયત્નોનું પરિણામ છે. વ્યક્તિ પોતાના કૌશલ્યથી ઝડપી રીતે પૈસો કમાઈ લે પરંતુ સમાજમાં થતી નામના કે જામતી શાખ માટે પેઢી દર પેઢીના કરેલા સારા કર્મો, સંબધોની જાળવણી અને તેનું મુલ્ય ઉપરાંત ખરે સમયે તમામ બાબતો ભૂલી જઈને માનવતાને કેન્દ્રમાં રાખીને કરાયેલ મદદ કારણભૂત છે, અફસોસ કે આપણા સારા નરસા કર્મોના કોઈ સર્ટીફીકેટ નથી આવતા !

ટૂંકમાં રોકાણ કરવા માટે માત્ર પૈસો એક જ સાધન છે એ ભૂલ ભરેલું છે, પરંતુ પૈસાની કિમત નકારી તો ન જ શકાય.

ઉપર ચર્ચેલ મુદ્દામાં રોકાણ કરનાર વ્યક્તિ પોતાનો પૈસો ગેરમાર્ગે રોકે તેવી શક્યતા નહીવત છે. પૈસાનું રોકાણ કરનારે એક બાબત ગાંઠે બાંધ્યા જેવી છે કે વ્યક્તિએ હમેશા પોતાને રોકાણકાર જ સમજવો અને તે મુજબ જ વર્તન કરવું. જે દિવસથી વ્યક્તિ પોતાની જાતને સટોડીયો માની બેસે છે ત્યારથી તેના પતનની શરૂઆત થાય છે. બીજું એ કે વ્યક્તિ જયારે મહેનતથી કમાઈ છે અને પોતા પાસે વધેલી કે બચત કરેલી અમુક રકમનું રોકાણ કરે છે જે તેની આવક કરતા પાંચમાં કે છઠા ભાગનું હોઈ શકે માટે આવી વ્યક્તિ રોકાણ કરતા પહેલા પોતાના ભૂતકાળ અને ભવિષ્યમાં આવનારી જરૂરિયાતોનો સભાનપણે વિચાર કરીને જ રોકાણ કરવું હિતાવહ છે, કારણ કે આજની બચત આવતીકાલનો હોકારો ચોક્કસ છે પરંતુ યોગ્ય જગ્યાએ રોકાયેલ હશે તો જ આપણી આવકમાંથી બચાવેલ રકમ રોકતા પહેલા આદર્શ રોકાણ કે જેની અગાઉ ચર્ચા કરી છે તે અંગે ચિંતન અવશ્ય કરવું. સાહસવીરને જ લક્ષ્મી પ્રાપ્ત થાય છે એવું સંસ્કૃતમાં કહેવાયું છે, પરંતુ સાહસમાં સભાનતાપૂર્વક કરેલ સાહસ જ શ્રેષ્ઠ છે એ ક્યારેય ન ભૂલવું જોઈએ.

**– ગોપાલકુમાર જે. ધકાણ**

**(ખાંભાવાળા)**

આરોગ્ય

# ઓબ્સેસિવ કમ્પલસિવ ડિસઓર્ડર (OCD)
## OBSESSIVE-COMPULSIVE DISORDER

આપણે જોયું છે કે ઘણા લોકોને પુનરાવર્તિત કાર્યો કરવા માટેની જુદી જુદી ટેવ હોય છે, જેમ કે હાથ ધોવા, દરવાજાને બરાબર તાળું મરાયેલ છે કે નહીં, ઘણી વસ્તુઓ અને બૌદ્ધિક શબ્દોમાં આપણે તેમને ઓબ્સેસિવ કમ્પલસિવ ડિસઓર્ડર (OCD) તરીકે ઓળખીએ છીએ. ધૂમ્રપાન અથવા દારૂના વ્યસનની જેમ લોકો બિનજરૂરી રીતે કરે છે તે વસ્તુઓનું પુનરાવર્તન કરવાની વ્યસન છે જેનું નિયંત્રણ કરવું ખૂબ મુશ્કેલ છે. તેને સ્વસ્થ થવા માટે દવા અને મનોરોગ ચિકિત્સાની જરૂર છે અને આમાં ઘણા સંશોધન થઈ રહ્યા છે. કેટલીકવાર દર્દીની સારવાર માટે બંને અથવા કેટલીકવાર ફક્ત મનોચિકિત્સાનો ઉપયોગ કરી શકાય છે.

સંશોધન દર્શાવે છે કે ઘણા લોકો તેમના રોજિંદા જીવનમાં અનિવાર્ય વર્તન બતાવે છે અને ઘણીવાર હતાશા, અસ્વસ્થતા અને અન્ય નકારાત્મક લાગણીઓ સાથે. OCD દ્વારા અસરગ્રસ્ત લોકો વારંવાર અસ્વસ્થતાના તણાવની જાણ કરે છે જે પહેલાથી જ સફળતાપૂર્વક કરવામાં આવેલ સમાન કાર્યની પુનરાવર્તનથી રાહત મળે છે, ઓછામાં ઓછા અસ્થાયી રૂપે તેઓને રાહત મળે છે.

આ અસ્થાયી રાહત હોવા છતાં, ઓસીડીવાળા ઘણા લોકો તેમનાથી નિરાશ થાય છે અને તેમની વર્તણૂક ઉપરના સ્પષ્ટ અભાવને લીધે હતાશ છે.

ઓસીડીમાં શામેલ સામાન્ય ચીજો તેમના કપડાં સાથે મેળ ખાતી હોય છે કે નહીં તે તપાસી રહી છે, પગરખા કપડાં સાથે મેળ ખાય છે, દાગીના વિચિત્ર લાગતા નથી, અને ઘરની વસ્તુઓ, જેમ કે કન્ટેનર, ડીશ વગેરે યોગ્ય સ્થાન છે કે નહીં ? ઘણા લોકો તેનો પ્રતિકાર કરવામાં અસમર્થ છે.

**લાક્ષણિકતાઓ :**

૧. વસ્તુઓની પુનરાવર્તનનો પ્રતિકાર કરવામાં મુશ્કેલી.
૨. અનિયંત્રિત ઓવરથિંકિંગને કારણે આર્થિક અને વ્યક્તિગત મુશ્કેલીઓ.
૩. નકામી વસ્તુઓ સાથે વ્યસ્તતા.
૪. અનિયંત્રિત વર્તનને લીધે કાર્ય
૫. પ્રખ્યાત વસ્તુઓ પર સંશોધન કરવામાં મોટો સમય ખર્ચ કરવો.

**એક અંદાજ મુજબ ઓસીડી યુનાઇટેડ સ્ટેટ્સમાં લગભગ ૬% વસ્તીને અસર કરે છે. સંશોધન એ** પણ બતાવ્યું છે કે :

૧. નિમ્ન આત્મસન્માન ધરાવતા વ્યક્તિને સૌથી વધુ અસર થાય છે.
૨. અસ્વસ્થતાના લક્ષણો ધરાવતા વ્યક્તિની સીધી અસર થાય છે.
૩. ઓસીડીના મોટાભાગના કિસ્સાઓમાં, વર્તનની અસામાન્યતા મોટે ભાગે ૩૦ વર્ષની વય પછી વધે છે.
૪. તાજેતરના એક અભ્યાસ દર્શાવે છે OCD વ્યાપ સમય જતાં વધી શકે છે.

મેડ ડિપ્રેસિવ ડિસઓર્ડર અથવા અસ્વસ્થતા

ડિસઓર્ડર જેવી મૂડની સમસ્યાઓ, ઓસીડીમાં સામાન્ય હોય છે, જેમ કે ત્વચા ખેંચાવ અથવા વાળ ખેંચાણ, મનોગ્રસ્તિ વિકાર, વિવિધ પદાર્થનો દુરૂપયોગ, વ્યક્તિત્વ વિકાર અથવા ભળતો ખોરાક લેવો (અયોગ્ય કે અપ્રમાણસર).

ઓબ્સેસિવ કમ્પલસિવ ડિસઓર્ડરનું નિદાન કરનારા માનસિક આરોગ્ય વ્યવસાયિકોએ અનિવાર્ય વર્તણૂક અને વર્કિંગ સ્પ્રિ વચ્ચે તફાવત કરવા માટે ખૂબ કાળજી લેવાની જરૂર છે જે કેટલીક વાર દ્વિધ્રુવી ડિસઓર્ડરમાં મેનિયાની સાથે હોઈ શકે છે.

**OCD અસરગ્રસ્ત વ્યક્તિઓ સાથે મળી આવેલ અન્ય અભ્યાસ :**

૧. નીચી શૈક્ષણિક સ્થિતિ.

૨. આત્મગૌરવ ઓછું.

૩. વધુ આવેગજન્ય વર્તન.

૪. વધુ માનસિક તકલીફ.

૫. ઓસીડીના વધુ લક્ષણો.

૬. આલ્કોહોલ, તમાકુ અથવા ડ્રગ્સ જેવા કોઈ પ્રકારનો પદાર્થ હોવાની સંભાવના વધારે છે.

રસપ્રદ વાત એ છે કે, આ જ ઓસીડી અસરગ્રસ્ત વ્યકિતઓ કરતા બોર્ડરલાઈન પર્સનાલિટી ડિસઓર્ડર (બીપીડી) ના માપદંડમાં પાંચ ગણા વધુ બેસે છે.

**લક્ષણો :**

૧. હાથ ધોવા, કપડાંને વધુ પુનરાવર્તિત કરવા જેવી બિનજરૂરી વસ્તુઓની પુનરાવર્તન સાથે વધુ પડતો વ્યસ્તતા.

૨. પ્રવૃત્તિના પરિણામે તકલીફ અથવા ક્ષતિ.

૩. અનિયમિત ખરીદી હાયપોમેનિક અથવા મેનિક એપિસોડ સુધી મર્યાદિત નથી.

૪. ખરીદી કરવા અને હંમેશાં અસંતોષ હોવા અંગે સતત બાધ્યતા.

૫. મૂડ સ્વિંગ

૬. અનિદ્રા.

**સારવાર :**

૧) દવા

૨) મનોચિકિત્સા

૩) બંને દવાઓ અને મનોરોગ ચિકિત્સા

કોઈપણ વિગતવાર વર્ણન માટે આપેલ નંબર પર સંપર્ક કરો.

Satyam Haresh Sagar
(Sagar Chasmawala, Surat)
B.COM, CIC, MBA, MA-CLINICAL PSYCHOLOGY (INTERN)
Tel.: 94264 61419

**'પરજીયા સોની સંદેશ' મા આપના બીઝનેસ ની ટચુકડી જાહેરાત અને અર્ધા કલર પેજની જાહેરાત માટે નીચેના નંબર પર સંપર્ક કરવો.**

**Tel.: +91-22-2898 3905 / 2899 9097**

**Mob.: +91-93244 35547**

**Email: sonisandesh1@gmail.com**

*તમે સાચા છો કે ખોટા તે મહત્વનું નથી, પરંતુ જ્યારે તમે સાચા છો ત્યારે તમે શું મેળવશો અને જ્યારે તમે ખોટા છો ત્યારે તમે કેટલું ગુમાવશો, તે મહત્વનું છે.*

**કાવ્ય વિભાગ**

## ભૂલી જાવ

ભુલી જાવ અને જવા દયો,
યાદ ના કરો એમને,
જેણે પણ તમારુ દિલ દુભાવી
દુ:ખી કર્યા હોય તમને,
એ બધુ છોડી દયો ઉપરવાળા પર
ઈશ્વર જરૂર ન્યાય કરશે,
આસ્થા એમની ઉપર રાખતા રહો...
આપણે કશુ જ નહિં કરવાનું,
ના કોઈનો દોષ દેવાનો,
ના કોઈને દુ:ખી કરવાના,
સદાય હસતાં હસતાં રહીને,
મદદ કરી સર્વેને ખુશ થતા રહો...
શાને કોઈને દુ:ખ દેવું,
દુ:ખી કરી દુ:ખીની હાય લેવી,
સારુ ના થાય તો વાંધો નહિં,
ખરાબ કદી ના કરવું 'અમીત'
એ જ મનમાં સંકલ્પ કરતા રહો.

## હોળી

હોળી આવી હોળી,
લઈ ઘેરૈયાની ટોળી,
બચવું હોય તો બચી જશો,
બાકી રંગી દેશે, રંગથી આ ટોળી...
આજ દિવસ છે ખુશીનો,
દુ:ખના લગાડશો,
ખૂબ ફૂબ રંગજો સર્વેને,
લઈને પીચકારી રંગની...
નાના ખેલે, મોટા ખેલે,
બધા આપસમાં ભિંજવે રંગથી,
ના હોય કાંઈ શીકાયત
રંગોથી રમે, ભૂલી જાય દુશ્મની...
ધાણી, ખજૂર અને દાળિયા,
બાળકોને ખાવાની મજા પડી,
સાંજ થતા હોળી પ્રગટાણી,
ઉજવી સાથ મળી હુતાશણી...

**– અમૃતલાલ પી. સોની 'અમીત'**
**(વેમ્બલી લંડન)**

## પરજીયા સોની સંદેશના વાચકો માટે :

**'પરજીયા સોની સંદેશ' ના સદસ્યો ને વિનંતી આપના મોબાઈલ નંબર તથા સરનામુ અપડેટ કરવાનું કાર્ય શરૂ કરવું હોય સત્વરે આપ મોબાઈલ (વોટસએપ નં.) +91 - 93244 35547 ઉપર આપની વિગત મોકલી શકો છો.**

## ખાસ નોંધ :

**શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી (બોરીવલી) સોનીવાડી દ્વારા આયોજીત જ્ઞાતિ વસ્તીપત્રક યાદીનું કાર્ય પૂર્ણ થવાને આરે છે માટે હજી પણ કોઈ જ્ઞાતિજનોએ વસ્તીપત્રકનું ફોર્મ ભરવાનું બાકી હોય તો સોનીવાડી ઓફીસમાં સવારે ૧૧ થી સાંજે ૭ સુધીમાં ફોર્મ આપી શકે છે. ફોર્મ સાથે અરજદાર કે કુટુંબના સભ્યોના ફોટા આપવા જરૂરી નથી. સંપર્ક માટે પોતાનો મોબાઈલ નંબર અવશ્ય લખવો. જ્ઞાતિના સદસ્યોનો કમ્પ્યુટર ડેટાબેસ સમાજને જોડી રાખવામાં ખૂબ જ જરૂરી તથા ઉપયોગી છે.**

# સમાજની માનસિકતા

નિર્મળાબેન અને ગીરધરભાઈને સંતાનમાં એક દીકરો સંજય અને દીકરી સંજના. પૈસેટકે ખાધેપીધે સુખી હતા. દીકરીને ઉંમરલાયક થઈ એટલે તે હંમેશા સુખી રહી શકે તે માટે પૈસાદાર ઘરમાં પરણાવી. સંજયના લગ્ન માટે તેમને ઘણી મોટી આશા હતી. તેના લગ્ન એવા ઘરમાં કરવા હતા જ્યાંથી તેમને મોટો કરિયાવર મળે.

સંજય ભણેલો અને સમજાદર હતો. તેને કરિયાવર જેવી બાબતમાં રસ નહોતો. ઘરમાં તેના લગ્નની ચર્ચા ચાલતી હતી તેના પરથી તેને ખ્યાલ આવી ગયો હતો કે કરિયાવરની લાલચમાં તેના માતા-પિતા તેને ગમે તેવી છોકરી સાથે પરણાવી દેશે તે એક સામાન્ય ઘરની છોકરી રેખાને પ્રેમ કરતો હતો. તેના મા-બાપ તેના પ્રેમ-લગ્નને મંજૂરી નહી આપે. એટલે તેણે કોર્ટમાં જઈને રેખા સાથે લગ્ન કરી લીધા અને રેખાને લઈને ઘરે આવ્યો. તેને અંદાજ હતો એ પ્રમાણે તેના આ પગલાંથી ઘરમાં મહાભારત સર્જાઈ ગયું. સામ સામે ઘણી દલીલો થઈ. એકનો એક દીકરો હતો એટલે તેને ઘરમાંથી જવાનું કહેવાનો જીવ નહોતો ચાલતો.

દીકરો તો માને એમ નથી જાણીને નિર્મળાબેને બીજો રસ્તો અપનાવવાનો વિચાર કર્યો. સંજય ઓફિસે જતો રહે પછી રેખા પર જાતજાતના અત્યાચાર કરવાનું શરૂ કર્યું જેથી કંટાળીને રેખા પોતે જ ઘર છોડીને જતી રહે.

નિર્મળાબેન : તે ભલે મારા દીકરા સાથે લગ્ન કરી લીધા, પણ કરિયાવરમાં તું કાંઈ લાવી નથી, તારા મા-બાપને કહે જે કે જેમ બને તેમ જલ્દી પાંચ લાખ રૂપિયા આપી જાય, નહિતર તને આ ઘરમાં હું રહેવા નહીં દઉ.

રેખા : મારા પપ્પા નોકરી કરે છે અને ઘરનું જેમતેમ ગુજરાન ચલાવે છે. એવી પરિસ્થિતિમાં તેઓ તમને પાંચ લાખ રૂપિયા કેવી રીતે આપી શકે.

નિર્મળાબેન : એ હું કંઈ ન જાણું, તારા બાપે પાંચ લાખ રૂપિયા તો આપવા જ પડશે. અમને પૂછ્યા વગર લગ્ન કરી લીધા એની સજા તો તમારે ભોગવવી પડશે.

કોઈની દિકરી કરિયાવરમાં ગમે તેટલાં ખજાનો લાવે પણ એક દિવસ તો તે પણ ખૂટી જ જવાનો છે.

આજે પૈસાનું મહત્ત્વ એટલું વધી ગયું છે કે આ બધું જોઈને દીકરીઓ હવે લગ્ન કરવાની જ ના પાડે છે. દીકરીઓને તો બન્ને જગ્યાએ અપમાન સહન કરવાના હોય છે. એક તો જેના ઘરમાં જન્મ લે છે, કારણ કે દીકરીનો જન્મ થાય તો તેના મા-બાપને ગમતું નથી. સાસરે જાય તો તેમના પરિવારને સાચવવામાં આખી જિંદગી નીકળી જાય.

કહેવાય છે કે દીકરી બે કુળને તારે, પણ તેના ભાગ્યમાં બન્ને જગ્યાએ ફરજ જ પૂરી કરવાનું આવે છે. દીકરી પરણી જાય એટલે પિતાના ઘરમાં તેનો કાંઈ અધિકાર રહેતો નથી. પરણી જાય એટલે ત્યાં તે પારકા ઘરની કહેવાય.

જેના થકી કુળ ઉજળા થાય છે એને જ કોઈ અધિકાર નથી. ન પિતાના ઘરને પોતાનું કહી શકે ન પતિના ઘરને પોતાનું કહી શકે.

એક સ્ત્રી પ્રત્યે સમાજની આ કઈ જાતની માનસિકતા છે એ સમજ નથી પડતી.

**કાઉન્સલર – શ્રુતિ આર. ધકાણ**
**(Mob. : 9726725860)**

# અપેક્ષાઓને સંતોષી શકાય ત્યારે સાચું જીવી શકાય

જીવન એક સફર છે અને એનો એક રસ્તો છે. આ રસ્તાઓમાં ઘણા વળાંક ઘણી અડચણ તો ક્યારે સરળ રસ્તો તો ક્યારેક રુકાવટ આવતી હોય છે. ક્યારે ધીરજ ધરવી પડે તો ક્યારેક અતિવેગે ચાલવું પડવું અથવા તો દોડવું પડે. પણ ક્યારે કેમ ચાલવું એ ખુદ ચાલકને ખબર પડવી જોઈએ.

જીવનની સાચી વાસ્તવિકતા એ છે કે આપણે પોતાની સેલ્ફ રિસ્પેક્ટ કરવી જોઈએ. પણ હા કોઈની સેલ્ફ રિસ્પેક્ટ સાથે રમવું એ બહુ ખોટું છે.

બોલેલું બધું સાચું નથી અને સાંભળેલું બધું ખોટું નથી હોતું. દરેક પરિસ્થિતિ એ પોતાના મનની દ્વારે અનેક વિચારણા ઊભી કરે છે. એની જોવાની રીત જ તમને સુખી કે દુઃખી કરે છે.

આશા અપેક્ષા તો દુઃખ જ આપે છે. પણ લાચારી અને મજબુરી મારી નાખે છે. કોઈ વ્યકિતને કયારેય પોતાના વ્યવહારને બદલાવવાની કોશિશ ન કરવી. લાચારી લોકોને ઘણું બધું કરાવે છે. જવા માણસ સામેના વ્યક્તિની લાચારી સમજી શકે છે. એજ વ્યક્તિનું વ્યક્તિત્વ ઉત્તમ છે. જ્યારે જ્યારે નેકીથી માત્ર બીજાનું કરશો તો આપોઆપ ખુદમાં ખુદની વૃદ્ધિ થશે. અગોચર બનવું જોઈએ.

એક ઉદાહરણ આપું કે લાચારી શું છે અથવા લાચાર વ્યક્તિની મનોવ્યથા શું હોય છે? લાચારી એટલે કે ન હોવા છતાં જેતે પરિસ્થિતિને પોતાના જીવનનો ભાગ બનાવવો.

એક ખેતર છે એમાં ખેતરના એક ખેડૂતને પોતાના ખેતરમાં કામ કરાવવું હોય તો ૭ ખેડૂત અથવા મજૂરની જરૂર પડે છે. એટલે એ ખેડૂત અલગ અલગ ૭ ખેડૂતને ત્યાં ૭ દિવસ અલગ અલગ કામ કરવા જશે. જેથી સાતને કરાવવા સાત દિવસ અલગ જવું પડશે.પણ એ એક ખેડૂતને કામ કરાવવું હોય તો જે સાત દિવસ ગયેલા અલગ અલગ મજૂરને કે સાત ખેડૂતને પોતાના ખેતરમાં બોલાવશે... એક કામ કરાવવા માટે અલગ અલગ શક્તિનો ઉપયોગ કરવો પડ્યોસ, પણ સામેના સાત ખેડૂતને માત્ર એક જ દિવસમાં બધું કરી દેવાનું અને એ પણ સૌની સાથે.

અંતે એક વ્યક્તિ બધા માટે બધું કરે છે તો જેતે પરિસ્થિતિમાં થોડો થોડો સાથ જેતે વ્યક્તિને જીવાડી જાય છે અને એ સમયે પરિસ્થિતિ ન સમજવી અને પોતાની કથિત વાતો કહેવી એ તો ખોટું છે.

કોણે શું કર્યું કે શું નથી કર્યું એ નથી કહેવું પણ ક્યારેક એવી મનોદશા ઊભી થાય છે ને

***રમત તે જ ખેલાડી જીતે છે જે મેદાન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેની નજર સ્કોરબોર્ડ પર ચિપકેલી હોય તે નહીં.***

ત્યારે આ બધું કહેવું જરૂરી લાગે છે. કહેવું જ શું કામ પડે? અનિવાર્ય સંજોગો અથવા ન મળેલ મદદ જેવી પરિસ્થિતિ પેદા થાય ત્યારે પણ લાગણીવશ વ્યક્તિને વધુ સહન કરવું પડે છે. આવા સંજોગો પેદા થાય ત્યારે એ ખુદને નથી સહી શકતો. હમેશાં એ બીજાનું સારું ઈચ્છે છે. કોઈને પણ એ પોતાનો માની લે ત્યારે એ પોતાનું સર્વસ્વ આપી દે છે. સમય શક્તિ અને સહજતા બધું, જ્યારે આ વ્યક્તિને જરૂર પડે છે અને કોઈ નથી આવતું ત્યારે મદદ માટે અથવા સાથ માટે જેતે પાસે અપેક્ષાઓ રાખી દોડે છે અપેક્ષાઓ એવા પાસ જ રાખે છે. જેને તે પોતાનો જ માને છે પણ જયારે મદદની બદલે મદદ ન મળે ત્યારે ખૂબ જ દુઃખી થતો હોય છે. વારંવાર મદદ માગ્યા છતાં ન મદદ મળે તો વ્યાકુળ થઈ જાય છે. આવી ઘટના બાદ એ ખુદને બદલી નાખે છે અને આ બદલાવ સામે વ્યક્તિ એમ સમજે છે કે એનામાં અભિમાન આવી ગયું છે.

'શાંતિપૂર્વક જીવન ત્યારે જ જીવી શકાય જ્યારે આપણે અપેક્ષાઓને સંતોષી શકતા હોય. જે સમય સંજોગને સમજી શકે છે. એનું જીવન હમેશાં સુખી હોય છે.મનથી સુખી હોય છે'.

**– દીપક કે. સોલંકી 'રહીશ'**
**(ભાવનગર)**




# ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ

**(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)**

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ–૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

# ‘મૈં નહીં, હમ’ માટે આફ્રિકન ઝુલુ બોલીનો શબ્દ છે : ઉબુન્ટુ

એકવાર એક માનવશાસ્ત્રનાં સંશોધકે એક આફ્રિકન જનજાતિનાં બાળકોને એક રમત રમવાનું કહ્યું. દૂર એક વૃક્ષ પાસે એક ફળોની, ટોકરી મૂકી અને બાળકોને કહ્યું કે, ‘‘દોડો..... જે પહેલો પહોંચે, બધા ફળો એનાં. એક, બે ને ત્રણ.’’ પણ બાળકોએ એક બીજાનાં હાથ પકડ્યાં અને પછી એક સાથે દોડ્યાં અને પછી શાંતિથી ઝાડ નીચે સાથે બેસીને ફળોને આરોગ્યાં. સંશોધક તો છક થઇ ગયો. પણ બાળકોએ કહ્યું, ‘ઉબુન્ટુ...... અમારા પૈકીનો એક સુખી શી રીતે રહી શકે, જો બાકીનાં બધા દુઃખી હોય?’ ઉબુન્ટુ આફ્રિકન જનજાતિની ફિલોસોફી છે. અર્થ થાય છેઃ હું છું કારણ આપણે છીએ.



દક્ષિણ આફ્રિકાનાં સમાન સામાજિક અધિકારનાં પ્રણેતા આર્ચબિશપ ડેસમન્ડ ટુટુ ઝુલુ ભાષાની આ કહેવતનો અર્થ સમજાવતા કહે છે કે ‘તમે એકલા નથી, તમે સંકળાયેલા છો. તમે સારું કરો તો એનો લાભ બધાને મળે છે.’ વાત તો સાચી છે. આ સંદર્ભમાં ‘એકલો જાને રે’- સત્ય નથી. *"human kindness. It is an idea from the Southern African region ..."* આપણે ત્યાં લોકો મોટેભાગે આવુ જ કરે છે...!!! પોતાને જીતાડવા માટે બીજાને હરાવે છે, ક્યારેય એવુ નથી વિચારતા કે સૌ સાથે મળીને જીતીએ.

**સંદર્ભ : ફેસબુક પોસ્ટ દેવેન પાલેજા**



## શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

**તા. ૦૧–૦૨–૨૦૨૧ થી આવેલ ભેટની યાદી**

**શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ) – 'એજ્યુકેશન ફંડ'**

૫૦૦/- દેરડી કુંભાજીવાળા (હાલ બોરીવલી) સોની ગિરીશભાઈ રામજીભાઈ સાગર તરફથી સ્વ. સોની રામજીભાઈ રણછોડભાઈ સાગરના પુણ્ય સ્મરણાર્થે સોનીવાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં અર્પણ.

**સ્વ. રતિલાલ કરસનભાઈ ધકાણ (સરસઈવાળા) હાલ દુબઈ 'મેડીકલ આર્થિક સહાય ફંડ'**

૫૦૦/- દેરડી કુંભાજીવાળા (હાલ બોરીવલી) સોની ગિરીશભાઈ રામજીભાઈ સાગર તરફથી સ્વ. સોની રામજીભાઈ રણછોડભાઈ સાગરના પુણ્ય સ્મરણાર્થે સોનીવાડી સંસ્થાને અર્પણ.

**સ્વ. સોની માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા–સ્વામિના)**
**સ્વ. સોની શાંતાબેન માધવજીભાઈ ધકાણ 'મેડીકલ સહાય ફંડ'**

૫૦૦/- દેરડી કુંભાજીવાળા (હાલ બોરીવલી) સોની ગિરીશભાઈ રામજીભાઈ સાગર તરફથી સ્વ. સોની રામજીભાઈ રણછોડભાઈ સાગરના પુણ્ય સ્મરણાર્થે સોનીવાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં અર્પણ.


## કંકાવટી પરિણય કેન્દ્ર

એકમાત્ર સ્વતંત્ર, એકપણ રૂપિયો લીધા વગર નિઃસ્વાર્થ ભાવે દીકરી-દિકરાના પરિણય માટે મેળાપ કરાવતું કેન્દ્ર. (ફક્ત પરજીયા સોની માટે) ખાસ નોંધ : દીકરી માટે ખાસ પ્રાધાન્ય આપવામાં આવે છે અને દીકરીની માહિતી ગુપ્ત રાખવામાં આવે છે. દિપકભાઈ લક્ષ્મીદાસભાઈ ચોકસી (ધાણક) ભાવનગરવાળા શનિવાર સાંજે ૫ થી ૭ સોનીવાડી, બોરીવલી (પ), મુંબઈ-૯૨.

મો.: ૯૩૨૪૪ ૪૮૫૨૫ (વૉટસ અપ નં.) - E-mail : kankavati2014@gmail.com

## પથરી (સ્ટોન)ની દવા

સર્વ જ્ઞાતિજનોને જણાવવાનું કે જેમને પથરી (સ્ટોન)ની તકલીફ હોય એમને વિના મુલ્યે (દોલુભાઈ હિરાણી - મહુવાવાળા)ની દવા આપવામાં આવશે. સંપર્ક : જીતુભાઈ સુરૂ - મો.: ૯૮૧૯૪૮૦૭૬૭ / ૯૯૬૦૪૬૨૬૬૪

**શુદ્ધ દેશી ઘી સૌરાષ્ટ્રનું (જુનાગઢ)**

ફરીને હેલ્દી બનો, શુદ્ધ સાત્વિક વસ્તુથી ઈમ્યુનીટી વધારો, શુદ્ધ દેશી ઘી વણોણાનું જૂની દેશી પદ્ધતિથી બનાવેલું અને ઔષધીય ગુણોથી ભરપૂર ગીર ગાયનું અને ગીર ભેંસનું ઘી મળશે.

ગીરગાયનું ઘી રૂા. ૮૫૦/– લીટર

ગીર ભેંસનું ઘી રૂા. ૭૫૦/– લીટર

સંપર્ક : પ્રવિણભાઈ –
મો.: ૯૮૬૯૧૯૭૪૦૭ / ૯૪૨૮૮૪૦૩૨૧

# SHREEJI DIES MAKERS

જ્વેલરી કામના મશીન ડાઈસ તથા ટુલ્સ એક સાથે
વેચાણ (સેલ) કરવાના છે.

* સંપર્ક *

**ભીખુભાઈ પી. થડેશ્વર**

**Mob.: 92247 03071 / 99308 83071**

(સમય : સવારે ૧૦.૩૦ થી ૨.૦૦ બપોરે ૪.૩૦ થી ૮.૦૦ સુધી)

Shop No. 1, Ajanta Apt. No. 1, Near Soni Wadi,
S.V. Road, Borivali (W), Mumbai - 400092.



# *Avani Soni*

*Makeup Artist & Hair Designer*

**9892515315**





# *N. H. Beauty Saloon*

*Beautician : Rakhee Hitesh Satikuvar*

**✆ 99309 09411 / 79773 34312**

*Specialist in Bridal Make-up & Siders*

Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.

# ★ સોની સંદેશ જાહેરાત દર ★

| * પરજીયા સોની માટે * | |
|---|---|
| **જાહેરાત** | **રકમ (₹)** |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ૧૫૦૦/- |
| બ્લેક એન્ડ વ્હાઈટ અર્ધુ પેજ | ૯૦૦/- |
| બ્લેક એન્ડ વ્હાઈટ ક્વાર્ટર પેજ | ૬૦૦/- |
| કલર ફૂલ પેજ | ૨૫૦૦/- |
| કલર અર્ધુ પેજ | ૧૮૦૦/- |
| *** ટચુકડી જાહેરાત *** | |
| ૨ વર્ષ | ₹ ૨૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૦૦/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૨૫/- અંક દીઠ |

| * સામાન્ય વ્યક્તિ માટે * | |
|---|---|
| **જાહેરાત** | **રકમ (₹)** |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ૧૮૦૦/- |
| બ્લેક એન્ડ વ્હાઈટ અર્ધુ પેજ | ૧૦૦૦/- |
| બ્લેક એન્ડ વ્હાઈટ ક્વાર્ટર પેજ | ૮૦૦/- |
| કલર ફૂલ પેજ | ૩૫૦૦/- |
| કલર અર્ધુ પેજ | ૨૦૦૦/- |
| *** ટચુકડી જાહેરાત *** | |
| ૨ વર્ષ | ₹ ૩૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૨૫/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૭૫/- અંક દીઠ |

**શ્રદ્ધાંજલી મૃત્યુ નોંધ કે સગાઈ લગ્નની નોંધ ફક્ત અર્ધા પેજ કે ફૂલ પેજમા જ આપવી.**

**અર્ધા પેજ કે ક્વાર્ટર પેજની જાહેરાત ફેરફારો ને આધીન રહેશે.**

**જાહેરાતના દરમાં ૧૮% GST અલગથી લાગશે.**

## FOR DONATION FROM FOREIGN

| | **For USD** | **For USD** | **For GBP** |
|---|---|---|---|
| INTERMEDIARY | Bank of Baroda, | Bank of Baroda, | Bank of Baroda, |
| BANK | New York Branch | Brussels Branch | London Branch |
| SWIFT Code | BARBUS33 | BARBBEBB | BARBGB2L |

| | |
|---|---|
| Account with Institution SWIFT Code | Bank of Baroda, Business Financial Services Branch, Kandivali, Mumbai BARBINBBIBK |

| **Name with Address** | |
|---|---|
| Account Name | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society |
| Account Number | : 20260100023592 |

| **Bank Name** | **FOR DONATION IN INDIA** |
|---|---|
| **SBI Bank** | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| **UBI Bank** | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| **Kotak Bank** | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |

રોકાણ કરવામાં જે આરામદાયક છે તે ભાગ્યે જ નફાકારક હોય છે.



## ૧૬મી પુણ્યતિથીએ ભાવભરી શ્રદ્ધાંજલિ

**સ્વ. કાન્તાબેન દેવાયતભાઈ ઘઘડા**

ગામ : મોટીવાવડી (હાલ મુંબઈ)

સ્વર્ગવાસ : તા. ૪–૪–૨૦૦૫

પતિ : સોની દેવાયતભાઈ ગીરધરભાઈ ઘઘડા

પુત્ર : જીતેન્દ્રભાઈ, રમેશભાઈ

પુત્રવધુ : હીનાબેન

Mob.: 9820123184

પુત્રી–જમાઈ :
રેખાબેન પ્રવિણકુમાર ચલ્લા
(ગણેશગઢવાળા)
જીનલના નાનીજી

પૌત્ર : કેયુર, ભાવિક

દોહિત્ર : દર્શન, સોમીલ


# સ્વાભિમાન ભારત

આપણી માતૃભાષા આપણું ગૌરવ

## સમાચાર પત્ર

Youtube : swabhiman bharat news
Website : www.swabhimanbharat.com

તંત્રી : ભરત કે. સતીકુંવર

# ભાવભરી શ્રધ્ધાંજલિ

જન્મ :
તા. ૨૯-૦૬-૧૯૩૮





સ્વર્ગવાસ :
મહાવદ ૬ ગુરૂવાર,
તા. ૦૪-૦૩-૨૦૨૧



## સ્વ. માતુશ્રી સરોજબેન રસિકલાલ કાગદડા

(માણસુરભાઈ ભુરાભાઈ થડેશ્વરના દીકરી)

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભક્તિ હતી, ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચુક્યા નહી,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા એવા પુણ્ય આત્માને પ્રભુ ચિર શાંતી અર્પે એજ પ્રાર્થના...

### પતિ : સ્વ. રસિકલાલ રણછોડભાઈ કાગદડા

પુત્ર : હર્ષદભાઈ રસિકલાલ કાગદડા
સુધીરભાઈ રસિકલાલ કાગદડા
સ્વ. અશ્વિનભાઈ રસિકલાલ કાગદડા
નલિનભાઈ રસિકલાલ કાગદડા
રાજેશભાઈ રસિકલાલ કાગદડા

પુત્રવધુ : અલકાબેન હર્ષદભાઈ કાગદડા
જયશ્રીબેન સુધીરભાઈ કાગદડા
હેમાબેન અશ્વિનભાઈ કાગદડા
રીનાબેન નલિનભાઈ કાગદડા
નયનાબેન રાજેશભાઈ કાગદડા

દિકરી : રક્ષાબેન તથા પારૂલબેન ચેતનભાઈ ધોરડા

પ્રપૌત્રી : સ્વ. ગ્રીષ્માબેન કૌશલ મહેતા
પ્રપૌત્ર : ભાવીન, પ્રિતેશ, વિરેન, મિલન,
હિતેન, પાર્થ, યશ, કરણ, ધીરેન, પ્રિયાંશી
પ્ર.પૌત્રવધુ : અ.સૌ. અમીબેન ભાવીન કાગદડા

દોહિત્રી :
ભક્તિ સાગર કાગદડા, દિશીતા
દોહિત્ર : દિપેશ
પ્ર.પ્ર.પૌત્ર : પ્રાશુ, જીયાન

*ભાડલાવાળાના જય શ્રીકૃષ્ણ*

# ભાવભરી શ્રદ્ધાંજલિ







## અ.સૌ.જ્યોતીબેન નટવરલાલ ધોરડા (ઉ.વ. ૫૯)

**બગસરાવાળા (હાલ બોરીવલી-વેસ્ટ)**

(તા. ૦૭–૦૩–૨૦૨૧, રવિવારના શ્રીજી ચરણ પામેલ છે.)

''ઈશ્વર બધે પહોંચી ન શકે એટલે પોતાનું અસ્તિત્વ માતાના સ્વરૂપમાં અર્પણ કર્યું,
માતાથી અધિક દુનિયામાં કોઈ નથી.''

પતિ : નટવરલાલ ડાયાલાલ ધોરડા (બગસરાવાળા) (મો.: ૯૮૬૭૩૭૧૪૪૧)

પિતાશ્રી : સ્વ. કાન્તીલાલ ધનજીભાઈ ધકાણ (વેળાવદરવાળા)

પુત્ર : રોહીત નટવરલાલ ધોરડા
(મો.: ૯૮૯૨૭૮૦૭૭૯)
પુત્રવધુ : હેતલબેન રોહીત ધોરડા




પુત્રીઓ :
ભાવીશાબેન વિક્રમકુમાર ધકાણ (લાઠી)
હીનાબેન ભાવેશકુમાર થડેશ્વર (આટકોટ)

પૌત્ર–પૌત્રીઓ :
રૂદ્ર રોહીત ધોરડા    દીયા ભાવેશ થડેશ્વર
માન વિક્રમ ધકાણ    સ્નેહલ રોમીત ધાણક    પર્વ ભાવેશ થડેશ્વર

(ભાભી) કૂમુદબેન વિનોદરાય ધકાણ (ધારી)
(ભાભી) ભાનુબેન ચંદ્રેશ ધકાણ (વેળાવદર)
રીમાબેન રોમીત ધાણક (મોટીખીલોરી)

(દીયર) ભૂપતરાય ડાયાલાલ ધોરડા (બગસરા)
(દેરાણી) સ્વ. મીનાબેન ભૂપતરાય ધોરડા (બગસરા)
(ભત્રીજા) રાજ ભૂપતરાય ધોરડા (બગસરા)

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. અમૃતલાલ વશરામભાઈ મીનાવાલા (થડેશ્વર)

(તા. ૦૮–૦૩–૨૦૨૧, સોમવારના શ્રીજી ચરણ પામેલ છે.)

પત્નિ : ગુણવંતીબેન અમૃતલાલ મીનાવાલા (થડેશ્વર)

**સુપુત્રો :**
કિશોર, નૈના, નિર્મલ,
આરાધના, રાજેશ, સીમા

**પૌત્ર :**
દિપા, નિખીલ, બીનોય, પુજા,
ધનરાજ, આરાધના, માસુમ, શૈલીન

**પ્રપૌત્ર :**
વિવેક, ધ્રુવ,
આર્યન

**Lion Jewellers, Cai Store, Miss Style Fiesta**

રૂા. ૨૫,૦૦૦/- શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટીને શિક્ષણ સહાય ફંડમાં અર્પણ કરેલ છે.

રૂા. ૨૫,૦૦૦/- શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટીને આર્થિક સહાય ફંડમાં અર્પણ કરેલ છે.

PARAJIA SONI SANDESH (Monthly) • MARCH 2021 • R.N.I. No.: MAHGUJ/2008/26726 • Postal Regn. No.: MNW/85/2019-2021
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting 20th of every month

॥ જય શ્રી મોંમાઈ મા ॥

# 'સોની સંદેશ' નિભાવ ફંડના સહયોગી દાતા





## સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
## સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા)ના પુણ્ય સ્મરણાર્થે



★ હસ્તે ★

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :
શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી
સંચાલિત
પરજિયા સોની સંદેશ
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૨૮૯૮ ૩૯૦૫/૨૮૯૯ ૯૦૯૭

To,

JIGNESH PRINTERS ✆ 022-2899 2778 / 98213 67898